**ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, ગાંધીનગરની કચેરી માટે ઉપાડ અને વહેંચણી અધિકારી (D.D.O.) જાહેર કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક:સપક/૧૦૨૦૨૫/૨૪૬૩/ડ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૦૨/૦૮/૨૦૨૫

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:NPC/102007/1141-(Part-II)-V, તા.૩૧/૦૭/૨૦૧૩.

(૨) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:સપક/૧૦૨૦૨૪/૬૩૦૯/ડ, તા.૨૫/૦૪/૨૦૨૫.

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:તજર/૧૦૦૫/૨૪૧/ઝ, તા.૨૧/૦૭/૨૦૦૫.

(૪) ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, ગાંધીનગરનો તા.૨૯/૦૫/૨૦૨૫નો પત્ર ક્રમાંક: એસપીસીએ/૧૪૩/૨૦૧૫.

**આમુખ:**

ગૃહ વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૩ના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવથી ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટીની કચેરી વર્ષ-૨૦૧૩ થી ઉભી કરવામાં આવેલ છે. ગૃહ વિભાગના તા.૨૫/૦૪/૨૦૨૫ના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના ઠરાવથી ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટીના નાયબ સચિવને આ ઓથોરિટીના ખાતાના વડા જાહેર કરવામાં આવેલ છે. ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, ગાંધીનગરના તા.૨૯/૦૫/૨૦૨૫ના વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટીની કચેરી માટે ઉપાડ અને વહેંચણી અધિકારી (D.D.O.) જાહેર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૩) માં દર્શાવેલ ઠરાવ અને ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ના નિયમ-૭૬ અન્વયે કચેરીના જરૂરી નાણાકીય વ્યવહારો અર્થે અને ગ્રાંટના ઉપાડ અને વહેંચણીના હેતુ માટે ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટીના ઉપ સચિવશ્રીને આથી ઉપાડ અને વહેંચણી અધિકારી (D.D.O.) જાહેર કરવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સમાનંકી ફાઇલ ઉપર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગની તા.૨૫/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Amit

( અમિત રાવલ )
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- ચેરમેનશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, બ્લોક નં.૧, છઠ્ઠો માળ, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બહુમાળી ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(મહેકમ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, બ્લોક નં.૧, છઠ્ઠો માળ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ઝ-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પ્લેઇન્ટ્સ ઓથોરિટી, બ્લોક નં.૧, છઠ્ઠો માળ, ગાંધીનગર.
- રોકડ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.